સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના
અમલ બાબત ( ચોથો તબક્કો )

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ
ઠરાવ ક્રમાક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર
સચિવાલય, ગાંધીનગર
તા: ૨ -૬-૨૦૦૫

સંદર્ભ: (૧) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર, તા: ૧-૪-૨૦૦૫
(૨) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર, તા: ૨૧-૪-૨૦૦૫
(૩) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર, તા: ૨૬-૪-૨૦૦૫
(૪) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર, તા: ૧૨-૫-૨૦૦૫
(૫) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર, તા: ૧૮-૫-૨૦૦૫
(૬) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર, તા: ૨૧-૫-૨૦૦૫

**પૂર્વભૂમિકા:**

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત ચોથા તબક્કાનો પ્રારંભ સરકારશ્રીના ઉપરોક્ત સંદર્ભિત ઠરાવ (૧) થી કરવામાં આવેલ છે. આ તબક્કા અન્વયે ચેકડેમો બાંધવાની કામગીરી સમગ્ર ગુજરાત રાજ્યમાં ૮૦:૨૦ માં કરવાનો સરકારે નિર્ણય કરેલ છે.

ચેકડેમોનો પાયો જ્યારે હાર્ડ રોકમાં હોય ત્યારે એંકરીંગ કરવું તાંત્રિક દ્રષ્ટિએ જરૂરી બને છે અને આ માટે ડ્રીલીંગ કરવાનું થાય તેવું અધિક્ષક ઇજનેરશ્રી લઘુ સિંચાઇ યોજના વર્તુળ (સીડીઓ), ગાંધીનગર નું પણ સુચન છે અને તે મુજબની આલેખનની કામગીરી તેઓશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ છે પરંતુ સંદર્ભ (૧) હેઠળના ઠરાવમાં નાના ચેકડેમો માટે આવી જોગવાઇ ન હોવાથી તેમાં સુધાર કરવો અતિ આવશ્યક જણાય છે. આ માટેની આઇટમમાં ૨૫ મી.મી.વ્યાસનું ૬૦ સે.મીની ઉંડાઇનું ડ્રીલીંગ કરીને તેને સીમેન્ટ સ્લરીથી ભરવાનું થાય. આમ આ આઇટમ ડ્રીલીંગ / ગ્રાઉટીંગ ની ગણાય. આ આઇટમ સંદર્ભ(૧) ના ઠરાવમાં ઉમેરવી જરૂરી જણાય છે

સંદર્ભ (૧) હેઠળના ચોથા તબક્કાના અમલ માટેના ઠરાવમાં ગામદીઠ ચેકડેમો બાંધવાની મહત્તમ સંખ્યામર્યાદા રાખવામાં આવેલ. આ બાબતમાં માનનીય ધારાસભ્યો તથા ક્ષેત્રીય અધિકારીઓ સાથે થયેલ ચર્ચા અનુસાર વ્યવહારમાં સરળ પડે તેવી જોગવાઇ રાખવા તથા જે ગામોમાં વધુ પ્રમાણમાં ચેકડેમો બનાવવા સ્થળ ઉપલબ્ધ હોય તે ગામોમાં યોગ્ય સંખ્યામાં ચેકડેમો બને તે મુજબ આવશ્યક ફેરફારો કરવાની જરૂરિયાત ઉત્પન થયેલ છે.

સદર યોજનાના અમલમાં સ્વૈચ્છિક સંસ્થાઓ, ઔદ્યોગિક ગૃહો મધ્યમ કક્ષાના રૂ ૩ લાખથી વધુ અંદાજિત રકમના ચેકડેમો બાંધી શકે તે સારૂ સંદર્ભ (૧) ના ઠરાવમાં સમાવેશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત સંદર્ભ (૫) થી નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓનો પણ સમાવેશ

કરવામાં આવેલ છે. હવે, કેટલાક માર્કેટયાર્ડ અને એ.પી.એમ.સીનો પણ આ યોજના અંતર્ગત સમાવેશ થાય તેમ કરવાની રજુઆત હોઇ તેઓનો સમાવેશ કરવાની પણ આવશ્યકતા જણાય છે.

વર્તમાન નિયમાનુશાર મરામતના કામો ચેકડેમ હસ્તકની વિભાગીય કચેરી દ્વારા હાથ ધરવામાં આવે છે. પંચાયત હસ્તક નિર્માણ થયેલ ચેકડેમોના મરામત થઇ શકે તેવો ઉચિત વ્યવહારૂ ઉકેલ વિષે યોગ્ય નિર્ણય લેવાની પણ જરૂરિયાત ઉભી થવા પામેલ છે. આમ યોજનાના સારા અમલ માટે, યોજનાની પ્રગતિને વેગ મળે તે માટે તેમજ બાંધકામની કામગીરી ઝડપથી થાય તે માટે સંદર્ભ(૧) અને ત્યારબાદ બહાર પાડેલ ઠરાવોમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે.

<u>ઠરાવ:</u>

(૧) ચેકડેમોનો પાયો હાર્ડ રોક પર કરવાનો થતો હોય તેવા કિસ્સાઓમાં જો એનકરીંગ કરવું જરૂરી હોય તો આ કામગીરીમાં ૨૫ મી.મી.વ્યાસનું ૬૦ સે.મી ઉંડાઇનું ડ્રીલીંગ કરી તેમાં ૧૬ મી.મી વ્યાસનો Fe 415 સ્ટીલનો સળિયો નાંખી સિમેન્ટ સ્લરીથી ફીટ કરવાનો રહેશે. ડ્રીલીંગ અને સિમેન્ટ સ્લરીથી ફીટ કરવાનો કુલ ભાવ રૂ ૮૦ પ્રતિ નંગ અને સળિયાનો ભાવ તા ૧-૪-૨૦૦૫ ના ઠરાવમાં નિર્દિષ્ટ રેઇનફોર્સમેન્ટના ભાવ પ્રમાણે ગણવાનો રહેશે.

(૨) અગાઉના ઠરાવમાં ગામદીઠ ચેકડેમની સંખ્યામર્યાદા નિધારિત કરવામાં આવી હતી તેમાં ફેરફાર કરી જે ગામોમાં અત્યાર સુધીમાં ૧૦ કે તેથી વધુ ચેકડેમો થયેલ છે તેવા ગામોમાં ચોથા તબક્કા અંતગત નવા ૧૦ ચેકડેમ બાંધી શકાશે.

(૩) આ યોજના હેઠળ હવેથી માકેટીંગ યાર્ડ અને એ.પી.એમ.સી જેવી સંસ્થાઓ ચેકડેમની યોજનામાં સ્વૈચ્છિક સંસ્થા તરીકે કામ કરી શકશે.

(૪) હયાત ચેકડેમોની મરામતના કામોની કામગીરી જે તે જિલ્લાઓમાં કાર્યરત જળસંપત્તિ વિભાગના ચેકડેમોની કામગીરી સંભાળતી વિભાગીય કચેરીએ હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમે અને નામે

જે.કે.ત્રિવેદી
ઉપસચિવ (જળસંચય)

પ્રતિ

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય અધ્યક્ષશ્રીના અગ્રસચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

- માનનીય મંત્રીશ્રી(જળસંપત્તિ)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ, રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ અને નાયબ મંત્રીશ્રીઓ (સર્વે)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- ગુજરાત રાજ્યના સર્વે બોર્ડ-નિગમના અધ્યક્ષશ્રીઓ
- ગુજરાત રાજ્યના સર્વે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ
- ગુજરાત રાજ્યના સર્વે તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ
- સર્વે સંસદસભ્યશ્રીઓ
- સર્વે ધારાસભ્યશ્રીઓ
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલય, ગાંધીનગરના સર્વે વિભાગો
- સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અધિક સચિવશ્રી અને મુખ્ય ઈજનેરશ્રીઓ, નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત રાજ્ય જળસંપત્તિ વિકાસ નિગમ લિ., ગાંધીનગર
- નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ
- નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ
- નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ
- રાજ્યના સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- રાજ્યના સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, રાજકોટ/ અમદાવાદ
- શ્રી નીતિનભાઇ પટેલ - ચેરમેન સ.પ.સ.જ.સં.યો. કાર્યાન્વયન સમિતિ
- શ્રી બાબુભાઇ બોખીરીયા- ચેરમેન સ.પ.સ.જ.સં.યો. કાર્યાન્વયન સમિતિ
- શ્રી ધીરેન પંડ્યા એસોસીયેટસ ચાર્ટડ એકાઉન્ટન્ટ